# ડૉ. ભારતી શેલતનું ઈતિહાસ લેખનમાં પ્રદાન

ડૉ. મોતીભાઈ એચ. દેવું
મદદનીશ પ્રાધ્યાપક,
મ. દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા

**સારાંશ**

*ડૉ.ભારતી શેલતનો સંશોધન કાર્યમાં ઉત્તમ ફાળો રહેલો છે. તેમણે ગુજરાતના પ્રાચીન, મધ્યકાલીન ઈતિહાસની માહિતીને એકઠી કરી તેને પ્રકાશિત કરવાનું મોટું કાર્ય કર્યું છે. અભિલેખો, ખતપત્રોનું સંપાદન કરી તેમાં રહેલી વિગતોને લોકો સુદી પહોચાડવામાં તેમનો અમૂલ્ય ફાળો રહેલો છે. તેમણે ભારતીય સંસ્કૃતિ, ઈતિહાસ, સંસ્કૃત, સિક્કાશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, અભિલેખવિદ્યા એમ ઘણી દિશાઓમાં કાર્ય કર્યું છે. તેઓ કોઈપણ ઘટના કે સ્થળની પૂરી તપાસ કરીને તેના વિવિધ પાસાઓનો અભ્યાસ કરી મૂળ સ્ત્રોતો શોધીને સંશોધનકાર્ય કરતા અને મૂળ સ્ત્રોતો સાથે જોડાઈને રહેવું તથા 'આધાર નહિ તો ઈતિહાસ નહિ' સૂત્રને હંમેશા ધ્યાનમાં રાખીને સંશોધન કાર્ય કર્યું છે. તેમણે આપેલા મોટાભાગના ઐતિહાસિક નિર્ણયો પ્રામાણિક રહ્યા છે. જે એમના કાર્યની ચીવટ અને ગુણવતાને ઉજાગર કરે છે. અભિલેખવિદ્યા અને ભારતીય સંસ્કૃતિના ક્ષેત્રે તેમનું મૂલ્યાંકન સંશોધનોની સંખ્યાના આધારે નહિ, પણ એમના ગુણવતાના આધારે થાય છે. તેઓએ ઈતિહાસની આધારભૂત માહિતી પ્રદાન કરી છે. તેમના ઈતિહાસ લેખનમાં આપેલ પ્રદાન વિશે આ લેખમાં રજૂઆત કરવામાં આવી છે.*

---

**ચાવીરૂપ શબ્દો**: *ઈતિહાસ, ભારતી શેલત, સંશોધક, અભિલેખવિદ્યા, ખતપત્ર, સંસ્કૃત, સિક્કાઓ*

---

## ૧. પ્રસ્તાવના

ઈતિહાસના મૂળ સ્ત્રોતોમાં અભિલેખો, સિક્કાઓ, મૂર્તિઓ, હસ્તપ્રતો, દસ્તાવેજો વગેરે સાધન સામગ્રીનો સમાવેશ થાય છે. પુરાવસ્તુકીય તેમજ પ્રાચીન અવશેષો જેવી સાધન સામગ્રીમાં ભારતના બીજા રાજ્યો કરતા ગુજરાત સમૃદ્ધ હોવા છતાં એમાં લિપિવિદ્યા, અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર અને હસ્તપ્રત વિદ્યાના વિદ્વાનો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. ભારતીય વિદ્વાનો પૈકી ડૉ.ભગવાનલાલ ઈન્દ્રજી, શ્રી દેવદત રામકૃષ્ણ ભાંડારકર, પંડિત વલ્લભજી હરિદત આચાર્ય અને શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણડિસકળકરના પ્રદાન પછી આધુનિક વિદ્વાનોમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીનું આ ક્ષેત્રે અમુલ્ય પ્રદાન છે.[1] તેમની જ પરંપરામાં તૈયાર થયેલા ડૉ.ભારતી શેલતનો ફાળો આ ક્ષેત્રે અમૂલ્ય રહેલો છે. ડૉ. ભારતી શેલત વિશે કહી શકાય કે સંસ્કૃતભાષા અને સાહિત્ય, અભિલેખવિદ્યા, પ્રાચીન લિપિવિદ્યા, પ્રાચીન સિક્કાશાસ્ત્ર તથા હસ્તપ્રતવિદ્યામાં ખુબ મોટું પ્રદાન છે.

## ૨. ડૉ.ભારતી શેલતનું પ્રારંભિક જીવન

ઉચ્ચકોટીના સંશોધક અને અધ્યાપકની બેવડી ભૂમિકા ભજવનાર ડૉ.ભારતી શેલતનો જન્મ ખંત, ખમીર અને વિદ્વતા માટે પ્રસિદ્ધ એવી ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં ૩જી જુલાઈ, ૧૯૩૯ના રોજ મહેસાણામાં[2] થયો હતો. ડૉ.ભારતી શેલતના સંસ્કાર ઘડતરમાં તેમના દાદા નાથાલાલ ઠાકર, દાદાના ભાઈ દુર્ગાશંકર મહારાજ તેમજ માતા-પિતા કાંતિલાલ ઠાકર અને હીરાબહેન ઠાકરનો મહત્વનો ફાળો રહ્યો છે. આ ઉપરાંત નાનપણમાં તેમના માતા-પિતા અમદાવાદના રાયપુર વિસ્તારમાં આવેલી આકાશેઠની કૂવાની પોળમાં રહેતા હતા. આ પોળમાં નાગર બ્રાહ્મણોની ઘણી વસતિ હતી. જેથી અહીં વિદ્યા અને સંસ્કારોનું સિંચન ખુબ થયું હતું. પોળના આ વાતાવરણમાંથી પણ એમણે સંસ્કારો પ્રાપ્ત થયેલા.[3] પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં રાયપુરની દિવાળીબાઈ કન્યાશાળા અને મગનભાઈ કરમચંદ હાઈસ્કુલના અનેક શિક્ષકોનો તેમના શિક્ષણઘડતરમાં ઘણો મહત્વનો ફાળો રહ્યો હતો. એમાં દિવાળીબાઈ કન્યાશાળાના શિક્ષિકા શ્રીમતી વિદ્યાબહેન મહેતા અને મગનભાઈ કરમચંદ હાઈસ્કુલના આચાર્યા સત્યવતીબહેન મહેતા તથા શિક્ષકો તરીકે માલવિકાબહેન ભટ્ટ અને શ્રી ભાસ્કરભાઈ ભટ્ટનો વિશેષ પ્રભાવ રહ્યો હતો.[4]

સ્નાતક કક્ષાએ તેઓએ બી.એ.ગુજરાત કૉલેજમાં મુખ્ય વિષય સંસ્કૃત સાથે કર્યું. જેમાં તેમના પ્રાધ્યાપક શ્રી વસંતરાય પંડ્યાનો મહત્વનો ફાળો રહેલો હતો. અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃતમાં અભિલેખવિદ્યા વિષય પસંદ કરવા માટે પણ શ્રી વસંતરાય પંડ્યાએ તેમને પ્રેરણા આપેલી. વિદ્યાવાચસ્પતિમાં તેમના માર્ગદર્શક ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી હતા. ગુજરાતના મહાન વિદ્વાન પ્રો.કે.કા.શાસ્ત્રી, આચાર્ય યશવંત શુક્લ, ભો.જે.વિદ્યાભવનના પૂર્વ નિયામક અને બહુશ્રુત વિદ્વાન એવા શ્રી રસિકલાલ પરીખ તથા ગુરુ ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીનું તેમના વિદ્યાકીય ઘડતરમાં ખુબ પ્રદાન રહેલું છે.

## ૩. શિક્ષણ

ડૉ.ભારતી શેલતે પ્રાથમિક શિક્ષણ મહેસાણા અને વડોદરામાં પ્રાપ્ત કર્યું હતું. તેઓએ માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું હતું. જયારે બી.એ. ગુજરાત કોલેજમાં અને એમ.એ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભો.જે.વિદ્યાભવનમાં મેળવ્યું હતું. ડૉ.ભારતી શેલતે ૧૯૬૦માં મુખ્ય વિષય સંસ્કૃત અને ગૌણ વિષય માનસશાસ્ત્રમાં ઉચ્ચતર દ્વિતીય વર્ગ સાથે બી.એ. ની પદવી મેળવી હતી. ૧૯૬૨માં તેઓએ મુખ્ય વિષય તરીકે સંસ્કૃત (અભિલેખવિદ્યા) અને ગૌણ વિષય તરીકે અર્ધમાગધીમાં ઉચ્ચતર દ્વિતીય વર્ગ સાથે એમ.એ ની પદવી મેળવી હતી. ડૉ.ભારતી શેલત સંસ્કૃત (અભિલેખવિદ્યા) વિષયમાં "Chronological Systems of Gujarat" વિષય પર મહાનિબંધ રજુ કરીને વિદ્યાવાચસ્પતિની પદવી મેળવી હતી. આગળ ભણવાના શોખ અને રસ રુચિના લીધે તેમણે ૧૯૭૨માં યુ.એસ.એ.માં ટેક્સાસ વુમન્સ યુનિવર્સિટી, ડેન્ટોનમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં A ગ્રેડ સાથે એમ.એ.ની પદવી મેળવી.[5]

ડૉ.ભારતી શેલતે ખાસ કરીને સંસ્કૃત ભાષા અને સાહિત્ય, ભારતીય અભિલેખવિદ્યા, ભારતીય પ્રાચીન સિક્કાશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, પ્રાચીન લિપિવિદ્યા જેવા વિષયોમાં સંશોધનકાર્ય કર્યું છે. તેમણે લિપિવિદ્યાના જાણકાર હોવાથી તેઓએ પ્રાચીન અભિલેખો, સિક્કાઓ અને હસ્તપ્રતોમા પ્રયોજાયેલી લિપીઓને ઉકેલી ઈતિહાસની મહત્વની વિગતોને બહાર લાવવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

ડૉ.ભારતી શેલત તેમનો અનુભવ જણાવતા કહ્યું કે અધ્યયન માટેનો તેમનો વિદેશ પ્રવાસ તેમના જીવનનો મહત્વનો યાદગાર અનુભવ હતો. ૧૯૬૯માં તેઓ સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ. કરવા ટેક્સાસ વુમન્સ યુનિવર્સિટી ડેન્ટોન, યુ.એસ.એ. ખાતે ગયા હતા. તે સમયે અમેરિકામાં તેમના નિકટના કોઈ સ્નેહીજન ન હતા. આમ, અજાણ્યી ધરતી પર અજાણ્યા માણસો અને સંસ્કૃતિની વચ્ચે કામ કરવાનો તેમનો આ પ્રથમ અનુભવ હતો. આ અનુભવે તેમને જીવનમાં કોઈપણ પરિસ્થિતિને પહોચી વળવાની મોટી તાલીમ આપી.[6] ડૉ.ભારતી શેલતે પોતાની કારકિર્દીનો પ્રારંભ બી.એ. થયા પછી આદર્શ કન્યા વિદ્યાલય રતનપોળ અમદાવાદમાં ધોરણ ૫ થી ૭ ના શિક્ષક તરીકે જોડાઈને કર્યો હતો. એમ.એ થયા પછી એક વર્ષ નવજીવન હાઈસ્કુલ અમદાવાદમાં પણ શિક્ષક તરીકે તેમણે સેવાઓ આપી હતી. તેઓએ શિક્ષક તરીકે ગુજરાતી, સંસ્કૃત, સમાજવિદ્યા જેવા વિષયો શીખવ્યા હતા. પીએચ.ડી.ના અભ્યાસ દરમ્યાન તેઓએ યુ.જી.સી.ની જૂનિયર રીસર્ચ સ્કોલરશિપ પ્રાપ્ત થઇ હતી. ડૉ.ભારતી શેલતે પોતાની વ્યાખ્યાતા તરીકેની કારકિર્દીનો પ્રારંભ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૬૪માં સંસ્કૃત અને અર્ધમાગધી વિષયના વ્યાખ્યાતા તરીકે જોડાઈને કર્યો હતો. તેમણે ૧૯૬૯ થી ૧૯૭૨ના સમયગાળા દરમ્યાન યુ.એસ.એ.માં સહાયક અધ્યાપક તરીકે સેવા આપતા આપતા સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ.ની પદવી એ ગ્રેડ સાથે મેળવી હતી.[7]

ડૉ.ભારતી શેલતે ભો.જે.વિદ્યાભવન, અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વિષયના વ્યાખ્યાતા તરીકે ૧૯૭૬ થી જુલાઈ ૧૯૮૨ સુધી સેવાઓ આપી હતી. ડૉ.ભારતી શેલતે ભો.જે.વિદ્યાભવન અમદાવાદમાં જુલાઈ ૧૯૮૨ થી માર્ચ ૧૯૯૭ સુધી ભારતીય સંસ્કૃતિ વિષયના રીડર અને અનુસ્નાતક અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. ભો.જે.વિદ્યાભવન અમદાવાદમાં તેમણે ૧૯૮૮ થી ૨૦૦૫ સુધી ભારતીય સંસ્કૃતિ વિષયના પીએચ.ડી માં માર્ગદર્શક તરીકે સેવાઓ આપી. ભો.જે.વિદ્યાભવન અમદાવાદમાં ૧૯૯૭ થી ૨૦૦૫ દરમ્યાન ભારતીય સંસ્કૃતિ વિષયના પ્રાધ્યાપક અને નિયામકની કામગીરી પણ તેમણે કરી હતી. તેઓએ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં જૂન ૨૦૦૭ થી માર્ચ ૨૦૦૯ સુધી ઈતિહાસ અને સંસ્કૃતિ વિષયના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

તેમણે વિવિધ કામગીરીઓ કરી હતી તેમાં ગુજરાત સાહિત્ય પરિષદ ઓલ ઈન્ડિયા ઓરીએન્ટલ કોન્ફરન્સ, ગુજરાત ઈતિહાસ પરિષદ તથા સંસ્કૃત અધ્યાપક મંડળના અધિવેશનોમાં નિબંધ વાંચન, મોડાસા અને વડનગરની કોલેજોમાં પુરાતત્વ વર્તુળના ઉપક્રમે વ્યાખ્યાનો, ગુજરાત યુનિવર્સિટીની ભારતીય સંસ્કૃતિ વિષયની અભ્યાસ સમિતિના અધ્યક્ષ અને એકેડેમિક કાઉન્સિલના બે વર્ષ માટે સભ્ય., ભો.જે.વિદ્યાભવનમાં અનેક પરિસંવાદો અને વ્યાખ્યાન માળાઓનું આયોજન, હેલસિંકી (ફિનલેન્ડ)માં યોજાયેલી ૧૨મી સંસ્કૃત વિશ્વ પરિષદમાં 'ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના પાળિયા લેખો' વિષય પર સંશોધન પત્રનું વાંચન. એડીનબરો (સ્કોટલેન્ડ)માં ભરાયેલી ૧૩મી સંસ્કૃત વિશ્વ પરિષદમાં 'ગુજરાતના જળાશયોના લેખો' વિષય પર સંશોધનપત્રનું વાચન.[8]

## ૪. ડૉ.ભારતી શેલતની લેખન પ્રવૃત્તિ

ડૉ.ભારતી શેલતે પોતાની કારકિર્દી ઘડતર અને જીવન ઘડતરની સાથે સાથે વિભિન્ન વિષયોમાં પોતાના મૌલિક ગ્રંથો, સંપાદિત ગ્રંથો, સંપાદિત અભિલેખો, સંપાદિત ખતપત્રો, સંશોધનાત્મક લેખો વગેરેને લિખિત સ્વરૂપ આપી ઐતિહાસિક માહિતીને બહાર લાવવાનું કાર્ય કર્યું છે. તેમના મૌલિક ગ્રંથો વિભિન્ન પ્રકાશકો દ્વારા પ્રકાશિત થયા છે. જેમાં યુનિવર્સિટી

ગ્રંથ નિર્માણ બોર્ડ, સરસ્વતી પુસ્તક ભંડાર, ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ, ગુજરાત રિસર્ચ સોસાયટીનો સમાવેશ થાય છે. તેમના વિભિન્ન સંશોધન લેખો વિભિન્ન સામયિકોમાં પ્રગટ થયા છે. જેમાં વિદ્યાપીઠ, સ્વાધ્યાય, બુદ્દિધપ્રકાશ, પથિક, સામિપ્ય, સંબોધી, પ્રાગધરા, રાજભાષા, સંવાક, સાધના, ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક, વ્રજરાજ, શારદાપીઠ રિસર્ચ જર્નલ વગેરે સામયિકોનો સમાવેશ થાય છે. ડૉ.ભારતી શેલતના મૌલિક ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય અને સંપાદિત ગ્રંથોની વિગત આ પ્રમાણે છે.

## ૫. મૌલિક ગ્રંથોનો પરિચય

ડૉ.ભારતી શેલતનો ગ્રંથ 'ક્રોનોલોજીકલ સિસ્ટમ ઓફ઼ ગુજરાત' ૧૯૮૭માં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ઼ હિસ્ટોરિકલ રિસર્ચ (I.C.H.R)ની નાણાંકીય સહાયથી પ્રસિદ્દધ કરવામાં આવ્યો. આ ગ્રંથ તેમના પીએચ.ડી ના મહાનિબંધનું સંવર્ધિત સ્વરૂપ છે. તેમાં ડૉ.ભારતી શેલતે મૌર્યકાલથી સોલંકીકાળ સુધીના શિલાલેખો, તામ્રપત્રો તથા હસ્તપ્રતોમાં દર્શાવેલા સમય નિર્દેશને આધારે પ્રાચીન ગુજરાતમાં પ્રચલિત વિવિધ સંવતો તથા સંવતગણનાની પદ્દ્ધતિઓ વિશે સંશોધન કર્યું છે. આ ગ્રંથમાં જુદા જુદા સમયે પ્રયોજેલા વિક્રમ, શક, ગુપ્ત, વલ્લભી, કલસૂરી, સિંહ ઈત્યાદિ સંવતોની ઉત્પતિ, તેનો આરંભ તથા પ્રસાર વિશે માહિતી આપી છે. તેની સાથે તે તે સંવતની વર્ષગણના અને માસ ગણનાની પદ્દ્ધતિઓ વિશે સંશોધન કર્યું છે. સંવત ગણનાની પ્રાચીન પદ્દ્ધતિઓ વિશે તારણો પ્રસ્તુત કરતા આ ગ્રંથમાં અંતે અભિલેખોમાં પ્રયોજાયેલા વિક્રમ અને શક સંવતની મિતીઓ સાથે બંધ બેસતી ઈસવી સનની તારીખોનું પરિશિષ્ટ તથા સદર્ભ ગ્રંથ સૂચી આપી છે. કાલ ગણના ના ઈતિહાસમાં આ ગ્રંથ મહત્વનું તથા ઉપયોગી પ્રકાશન છે.

ડૉ.ભારતી શેલતનો 'ભારતીય સંસ્કારો' વિશેનો લઘુગ્રંથ માર્ચ, ૧૯૮૩ માં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો. તેમાં તેમણે 'સંસ્કાર' નો અર્થ સમજાવી, સંસ્કારો વિશેની માહિતીના સ્ત્રોત અને તેના ઉદેશોની ચર્ચા કરી છે. તેમણે હિંદુ સમાજના ધાર્મિક સંસ્કારોની સામાજિક તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ સમજુતી આપી છે. તેમણે પ્રાગ-જન્મ સંસ્કારો, શૈશવને લગતા સંસ્કારો અને શૈક્ષણિક સંસ્કારોના વર્ગીકૃત સમૂહોમાં ગર્ભાધાન સંસ્કાર, પ્રસંવન સંસ્કાર, સીમાંતોનયન સંસ્કાર, જાતકર્મ, નામકરણ, અન્ન પ્રાશન, ચૂડાકરણ, વિદ્યારંભ, ઉપનયન, સમાવર્તન વગેરે સંસ્કારોના અર્થ, વિધિ, સમય તથા મહત્વ સમજાયા છે. વિવાહ સંસ્કારની વ્યાખ્યા તથા ઉદેશો સમજાવી વિવાહના પ્રકારો તેનું મહત્વ વગેરેની ચર્ચા કરવામાં આવી છે. છેલ્લે અંત્યેષ્ટિ સંસ્કારની વિધિ, શાંતિકર્મની વિધિ વગેરેની સમીક્ષા કરવામાં આવી છે.

ડૉ.ભારતી શેલતનો લઘુ ગ્રંથ 'આદિમ જાતિઓની સંસ્કૃતિઓ(ભારતના સદર્ભમાં)' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્દ્વારા ડિસેમ્બર ૧૯૮૩માં પ્રગટ થયો. પ્રસ્તુત ગ્રંથમાં ડૉ.ભારતી શેલતે સંસ્કૃતિનો અર્થ, સ્વરૂપ તથા તેના વિકાસના તબક્કા સમજાવી, આદિમ જાતિઓનો અર્થ, તેના વિશિષ્ટ લક્ષણો, માનવજાતિઓમાં આદિમ જાતિઓનું સ્થાન અને વિશ્વની આદિમ જાતિઓનો પરિચય આપ્યો છે. તેમાં સભ્યતાના જુદા જુદા તત્વો જેવા કે સામાજિક, આર્થિક, નૈતિક વગેરેની સમીક્ષા કરવામાં આવી છે.. સામાજિક તત્વોમાં કુટુંબ, લગ્નપ્રથા, સ્ત્રીઓનું સ્થાન ઈત્યાદિ. આર્થિક તત્વોમાં અન્નસંચય, શિકાર, ખેતી, પશુપાલન વગેરે તત્વોમાં ધર્મ, તેના ઉદેશો વગેરે બૌદ્દિધક તત્વોમાં ભાષા, શિક્ષણ, વિજ્ઞાન, ગણિત ઈત્યાદિ

બાબતોની રસપ્રદ માહિતી રજુ કરવામાં આવી છે. છેલ્લે ઉપસંહારમાં આદિમ જાતિઓના કલ્યાણનો નવો અભિગમ તેમને માહિતી કલ્યાણ યોજનાઓ અને તેમના ભાવી વિશે ચર્ચા કરવામાં આવી છે.[9]

ડૉ.ભારતી શેલતનો લઘુગ્રંથ 'ભારતનો આદ્ય-ઈતિહાસ' (સાહિત્યિક સ્ત્રોતો પર આધારિત) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા જુલાઈ, ૧૯૮૫ માં પ્રસિદ્ધ થયો. તેમાં તેમણે સંસ્કૃતિનો અર્થ, પ્રાગ ઈતિહાસ અને આદ્ય ઈતિહાસની સમજ તથા આદ્ય-ઈતિહાસની માહિતીના સાહિત્યિક સ્ત્રોતનો પરિચય આપ્યો છે. તે પછી ભારતમાં આવીને વસેલી નેગ્રીટો, નિશાદો, કીરાતો, દ્રવિડો, આર્યો વગેરે જાતિઓ તેનો સાંસ્કૃતિક વિકાસ તથા આર્યોના મૂળ વતન વિશેની ચર્ચા કરી છે. તેમણે ઈતિહાસમાં સાધનોમાં અનુશ્રુતિનું મહત્વ સમજાવી મનુવૈવસ્વત તથા પ્રલય કથા વિશે માહિતી આપી છે.  છેલ્લે પરીક્ષિતના સમયથી બિંબીસારના સમય સુધીના આદ્ય ઐતિહાસિક રાજવંશોની વંશાવળીઓ, સદર્ભસૂચી અને પરિભાષા આપવામાં આવી છે.

ડૉ.ભારતી શેલતની પુસ્તિકા 'લિપિ' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૨૦૦૫માં પ્રકાશિત કરી. લિપિવિષયક આ પુસ્તિકામાં તેમણે વિશ્વની તથા ભારતની લિપિના વિકાસના સોપાનો, લિપિઓનું વર્ગીકરણ, લિપિઓના વર્ણો વચ્ચેની સમાનતા, વિશ્વની મહત્વની લિપિઓ, ભારતીય હડપ્પીય, બ્રાહ્મી, ખરોષ્ઠી, નાગરી, બંગાળી, ગુજરાતી વગેરે લિપિઓની ઉત્પતિ તથા વિકાસ તે લિપિઓના સચિત્ર આલેખનો સહીત આપી છે. જગતની તથા ભારતની પ્રાચીન લિપિઓ વિશેના ગ્રંથો ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ નથી, ત્યારે આ પુસ્તિકા લિપિઓ અંગે સંશોધન કરતા સંશોધકોને માટે ઘણી ઉપયોગી થશે.[10]

'ગુજરાતના અભિલેખો: સ્વાધ્યાય અને સમીક્ષા' ગ્રંથમાં ડૉ.ભારતી શેલત અને ડૉ.પ્રવિણચંદ્ર પરીખ બંને લેખકોએ પ્રથમ પ્રકરણમાં સંક્ષેપમાં ગુજરાતના અભિલેખ વિદ્યાના ખેડાણના ઈતિહાસની છણાવટ કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં કુલ ૪૦ અભિલેખોને પસંદ કરીને એમણે પ્રાચીન, મધ્યકાલીન અને મરાઠા, બ્રિટીશકાલીન એવા ત્રણ વિભાગોમાં વિભક્ત કરીને કાલાનુંક્રમ ગોઠવ્યા છે. એમાં બનાવટી અભિલેખોને એમના સંભવિત સમય-નિર્દેશ પ્રમાણેના અનુક્રમમાં મુક્યા છે. એ પૈકીના ૩૩ અભિલેખ સંસ્કૃતમાં, ૬ તત્કાલીન ગુજરાતીમાં અને એક લેખક હિબ્રુ-અંગ્રેજી-મરાઠી ભાષામાં છે. લિપિની દૃષ્ટિએ સોલંકીકાલ પહેલાના અભિલેખો તત્કાલીન બ્રાહ્મી લિપિના ગુજરાતમાં પ્રચલિત ઉત્તરી કે દક્ષિણી મરોડમાં લખાયા છે. જયારે સોલંકીકાલ અને એ પછીના સમયના સંસ્કૃત, ગુજરાતી તેમજ મરાઠી ભાષાના લેખો ગુજરાતમાં પ્રચલિત તત્કાલીન દેવનાગરી લિપિમાં લખાયેલા છે. હિબ્રુ, અંગ્રેજી, મરાઠીવાળા ત્રિભાષી લેખ પૈકી હિબ્રુ-અંગ્રેજી લેખ રોમન લિપિમાં લખેલો છે. આમ, આ ગ્રંથમાં ઝીણવટભરી માહિતીનું નિરૂપણ કર્યું છે.[11]

આ ઉપરાંત ડૉ.ભારતી શેલતના ગ્રંથોમાં 'મહાક્ષત્રપ રુદ્રદામાનો ગિરનાર શૈલલેખ, ગુજરાતના શિલાલેખો અને સિક્કાઓ' વગેરેનો પણ સમાવેશ થાય છે.

ડૉ.ભારતી શેલતના સંપાદિત ગ્રંથમાં 'રૂપમંજરી નામમાલા રૂપચંદ્રવિરચિતા', 'Descriptive catalogue of Sanskrit and prakrit manuscripts of B.J. Institute museum' (સહસંપાદક), 'Jain Image Inscriptions of

Ahmedabad' (સહસંપાદક), 'Catalogue of the Ancient coins in the B.J. Institute museum', 'મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ અને સુફી આંદોલનો' સહીત ૧૪ ગ્રંથોનો સમાવેશ થાય છે.

ડૉ.ભારતી શેલતે ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિ, અભિલેખવિદ્યા, સંસ્કૃત સાહિત્ય, કાળગણના, ભારતીય સિક્કાશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સ્થળતપાસ, તથા ગ્રંથ સંપાદન પદ્ધતિ વિશે સંશોધન લેખો તથા ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના ગ્રંથોમાં કાળગણના પારસી સમાજ, કેળવણી, ધાર્મિક સ્થિતિ વગેરે અંગે પ્રકરણો લખ્યા છે.

ડૉ.ભારતી શેલતે ભો.જે.વિદ્યાભવનમાં અનેક પરિસંવાદો તથા વ્યાખ્યાન માળાઓનું આયોજન કર્યું છે. તેમણે રાષ્ટ્રીય અને પ્રાદેશિક પરિસંવાદોમાં સંશોધનલેખો વાંચ્યા છે. જે પછીથી પ્રગટ થયા છે. તેમણે 'શિલાદિત્ય છઠ્ઠાનું આસોદર તામ્રશાસન (વલ્લભી) સં.૪૨૫', 'ઈડર રાજ્યના ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો', 'અમદાવાદની અગિયારીઓમાં શિલાલેખ', 'અમદાવાદના શીખ ગુરુદ્વારના શિલાલેખ' વગેરે સહીત ૩૬ અભિલેખો તથા મુઘલ બાદશાહ મુહમ્મદ શાહના સમયનું ઘરના વેચાણ અંગેનું ખતપત્ર વિ.સં.૧૭૭૭ વગેરે સહીત નવ જેટલા ખતપત્રો સંપાદિત કરીને 'વિદ્યાપીઠ', 'સામિપ્ય', 'જનરલ ઓફ ગુજરાત રિસર્ચ સોસાયટી', 'પથિક', 'સ્વાધ્યાય', વગેરે સામયિકોમાં પ્રગટ કર્યા છે.

ડૉ.ભારતી શેલતની વિવિધ લેખન પ્રવૃત્તિ ટૂંકમાં જોઈએ તો મૌલિક ગ્રંથો, સંપાદિત ગ્રંથો, સંપાદિત અભિલેખો, સંપાદિત ખતપત્રો, સંશોધનાત્મક લેખો નો સમાવેશ થાય છે. મૌલિક ગ્રંથોમાં ભારતીય સંસ્કારો, આદિમ જાતિઓની સંસ્કૃતિઓ ભારતના સંદર્ભમાં, ભારતનો આદ્ય-ઈતિહાસ, ગુજરાતના અભિલેખો સ્વાધ્યાય અને સમીક્ષા, મહાક્ષત્રપ રુદ્રદામાનો ગિરનાર શૈલલેખ, ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો ગિરનાર શૈલલેખ, લિપિ, ગુજરાતના શિલાલેખો અને સિક્કાઓ, Chronological Systems of Gujarat, નો સમાવેશ થાય છે.

સંપાદિત ગ્રંથોમાં 'रूपमंजरीनाममाला रूपचन्द्रविरचिता', 'Descriptive catalogue of Sanskrit and prakrit manuscripts of B.J. Institute museum', 'Jain Image Inscriptions of Ahmedabad', 'Catalogue of the Ancient coins in the B.J. Institute museum', 'Dr.H.G.Shashtri felicitation Volume', 'The Bhagavata' (Critical Edition), 'Proceedings of K.R.Sant memorial Seminar on Indian culture', 'Philosophy and Art', 'Iran's in Gujarat' Summery of Papers, 'The Catalogue of the Medieval and Modern coins in the B.J. Institute museum', 'Catalogue of the Coins of the Girdharbhai museum amreli', 'रसिक भारती' Prof. R.C.Parikh Commemoration volume, Sanskrit sahitya Academy, Gandhinagar, 'મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલનો, અમદાવાદનું સ્થાપત્ય વગેરે ગ્રંથોનું સંપાદન કર્યું.

## ૬. સંપાદિત અભિલેખો

સંપાદિત અભિલેખોમાં જોઈએ તો 'ઈડર રાજયના ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો', 'ફતેસિંહરાવ ગાયકવાડનો અમદાવાદ શિલાલેખ વિ.સં.૧૮૬૮', 'મહમુદ બેગડાના સમયના સાંપાની વાવના બે અપ્રગટ શિલાલેખ', 'શિલાદિત્ય છઠ્ઠાનું આસોદર તામ્રશાસન(વલ્લભી)', 'અમદાવાદની અગિયારીઓના શિલાલેખો', 'અમદાવાદના ત્રિભાષી યહૂદી શિલાલેખ અને ત્યાનું યહૂદી કબ્રસ્તાન', 'અમદાવાદના શીખ ગુરુદ્વારના શિલાલેખ', 'અમદાવાદની પારસી ધર્મશાળાના

શિલાલેખ', 'અમદાવાદની હઠીસિંહ દેરાસરમાનો ગુજરાતી શિલાલેખ', 'ગાંગડની વાવના વિ.સં.૧૭૬૩ના શિલાલેખ', 'પરમ મહેશ્વર શ્રી શંકરગણનું લપકામણ દાનશાસન (કલચુરી)સં.૩૪૫', 'મૈત્રક રાજા ધ્રુવસેન-૨જાનું એક અપ્રસિદ્ધ દાનશાસન વલ્લભી સંવત ૩૧૩', 'મહમૂદશાહ ૧લા (બેગડા)ના સમયના વડવાની વાવના ચાર શિલાલેખ', 'સહસ્ત્રાર્જુન (કાર્તવીર્ય)નું બનાવટી આગરવા દાનશાસન', 'વિરધવલ વાઘેલાના સમયનું નડિયાદનું બનાવટી તામ્રપત્ર વિ.સં.૧૨૭૫', 'મૈત્રક રાજા ધ્રુવસેન-૧લાનું કુકડ દાનશાસન', 'ગોવિંદરાવ ગાયકવાડના સમયનો અમદાવાદનો શિલાલેખ', 'વેડરબર્નની કબર પાસે ભરુચ શિલાલેખ', 'મોહજની વાવાનો અપ્રગટ શિલાલેખ વિ.સં.૧૫૨૦', 'બાદશાહ અકબરના સમયના છ અપ્રકાશિત શિલાલેખ વિ.સં.૧૪૪૬', 'ઝાલા રાજા જેતસિંહના સમયનો ઝીલેક્શ્વર કુંડ શિલાલેખ', 'ગુજરાતની લાટ શાખાના રાષ્ટ્રકૂટ ધારા વર્ષ ધ્રુવરાજ(૧લા)ના કલોલી તામ્રપત્રો શક સં.૭૪૪', 'સૂફી સંતોની દરગાહોના શિલાલેખ', 'તાજપુર માંથી મળેલ અપ્રસિદ્ધ પાળિયા', 'મૈત્રક રાજા ધ્રુવસેન-૨જાનું જેસર તામ્રપત્ર વલ્લભી સં.૩૧૧', 'શ્રીનિલકંઠ મહાદેવના મંદિરનો શિલાલેખ વિ.સં.૧૬૪૧', 'राष्ट्रकूट धारावर्ष ध्रुवराज (प्रथम) के कलोली ताम्रपत्र शक सं.७४४', 'वल्लभी के मैत्रक शासक ध्रुवसेन दृतीय के जेसर ताम्रपत्र वल्लभी संवत ३११', 'Lapkaman Copper-Plates of Sankarqana (Kalachuri)', 'A Forged Agarva Copper-Plate Grant of sahasrajuna (kartavirya)', 'Four Image Inscriptions of Ahmedabad, Kaloli Copper-Plates of Rashtrakuta Dharavarsha Dhruvaraja 1 of the lata Branch of Gujarat', 'Sufi Shrines of Gujarat', 'Jesar Copper Plates of Maitraka king Dhruvasena 11 of vallbhi', 'Unpulished Inscriptions from kheralu', 'Gujarati Inscriptions from socotru' વગેરે સંપાદિત અભિલેખો નો સમાવેશ થાય છે.

### ૭. સંપાદિત ખતપત્રો

ડૉ.ભારતી શેલતે સંપાદિત કરેલા ખતપત્રમાં જોઈએ તો મુઘલ બાદશાહ મુહમ્મદશાહના સમયનું ઘરના વેચાણ અંગેનું ખતપત્ર વિ.સં.૧૭૭૭, મુઝફ્ફરશાહ ૩જાના સમયનું હાટના વેચાણ અંગેનું અપ્રસિદ્ધ દ્વિભાષી ખતપત્ર વિ.સં.૧૫૨૭, શ્રી ચીનુભાઈ ચીમનભાઈના સંગ્રહમાંનુ મુઘલકાલીન અપ્રસિદ્ધ ખતપત્ર વિ.સં.૧૭૧૯, પુસ્તક ભાડા અંગેના ત્રણ જૂના કરારનામા, શેઠ શ્રી ચીનુભાઈ ચીમનભાઈના સંગ્રહમાનું અપ્રસિદ્ધ ખતપત્ર, સં.૧૭૨૯, શક ૧૫૯૫નું ખતપત્ર, ગૃહવિક્રય અંગેનું એક બ્રિટીશકાલીન અપ્રસિદ્ધ ખતપત્ર, અમદાવાદનું અપ્રસિદ્ધ મુઘલકાલીન ખતપત્ર, દસ્તાવેજ અમદાવાદના શાહવાડી વિસ્તારના સોમનાથ મહાદેવ અને કાશી વિશ્વનાથના મંદિર વગેરેનો સમવેશ થાય છે.

### ૮. સંશોધનાત્મક લેખો

સંશોધનાત્મક લેખોમાં ડૉ.ભારતી શેલતે ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિ વિષયકમાં જોઈએ તો કાળગણના ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૧ માં પ્રકરણ, યહૂદીઓ અને તેઓનો ભારતમાં વસવાટ, 'ગુજરાતીમાં યહૂદીઓ', સાહિત્ય ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૭માં પ્રકરણ-૯, 'સાધન સામગ્રી ઈતિહાસ ઉપયોગી સાહિત્ય' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૮માં પ્રકરણ-૧, સામાજિક સ્થિતિ 'પારસી સમાજ' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૮માં પ્રકરણ-૯, 'કેળવણી' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૮ પ્રકરણ-૧૧, 'ગુજરાતના પ્રાચીન મુદ્રાઓ અને મુદ્રંકો', અમદાવાદનું પારસી અગ્નિમંદિર, 'ધાર્મિક સ્થિતિ' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૯ પ્રકરણ-૧૧, સોમપુરા જ્ઞાતિના ગોત્રો, કંબોડિયામાં

વિસ્તરેલી ભારતીય સંસ્કૃતિ કલાના પરિપેક્ષ્યમાં, ઈન્ડોનેશિયાના સંસ્કૃત અભિલેખો ઐતિહાસિક પરિપેક્ષ્યમાં, ગુજરાતના મધ્યકાલીન ઈતિહાસના સંસ્કૃત સ્રોતો, ચંપા (દ.વિયેટનામ)માં ભારતીય બૌદ્ધધર્મનો પ્રસાર: સંસ્કૃત અભિલેખોના પરિપેક્ષ્યમાં, જૈન ઈતિહાસ અને શિલાલેખો, પ્રાચીન અભિલેખોમાં હિંદુ ધર્મ, દ્વારકાની પ્રાચીનતા :પુરાતત્વ પરિપેક્ષ્યમાં, ભારતના મહાન પુરાવિદ પંડિત ભગવાનલાલ ઈન્દ્રજી, અમરેલી પુરાતત્વની ભૂમિ, અમરેલી જિલ્લાના સિક્કા, જૂનાગઢ જિલ્લાના સિક્કા, પ્રાચીન ભારતીય રાજ્યસંસ્થાઓ અને શાસનપ્રણાલી, વિદ્યાપુરુષ કે.કા.શાસ્ત્રીજી: વિરલ અને અપ્રિતમ સંપાદક, Ancient Indian Religions in Cambodia with special reference its Sanskrit Inscriptions, Administration of Ancient Cambodia as reflected in its Sanskrit Inscriptions, the Social and Economic life of the people of Cambodia as reflected in its Sanskrit Inscriptions, વગેરેનો સમાવેશ થાય છે.

અભિલેખવિદ્યા વિષયને લગતા લેખોમાં ગુજરાતની અભિલિખિત પ્રશસ્તિઓ, કચ્છના અભિલેખોમાંથી પ્રાપ્ત થતો કચ્છનો ઈતિહાસ, ગુજરાતના અભિલેખોમાં સુત્રધારોના નિર્દેશો, કુષાણ સમ્રાટ કનિષ્કના અભિલેખો, ઈન્ડોનેશિયાના સંસ્કૃત પ્રશસ્તિ અને પ્રતિમાલેખોમાં શાંતિદાસ ઝવેરી, મોર્ય સમ્રાટ અશોકના અભિલેખો: માનવ ધર્મની આધુનિક સંકલ્પનાના પરિપેક્ષ્યમાં, ગુજરાતના અભિલેખોમાં પાટણ, ગુજરાતના પ્રાચીન અભિલેખો અને જૈન સંસ્કૃતિ પરંપરા વગેરે લેખો લખેલા.

સંસ્કૃત સાહિત્યને લગતા લેખોમાં શ્રીમદ ભાગવત પુરાણમાં શ્રી કૃષ્ણ અર્ચિત અને એના સંભવિત સ્ત્રોત, સંસ્કૃત શબ્દકોશ સંવિધાનની વિવિધ પદ્ધતિઓ, સંસ્કૃત સાહિત્ય ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૭ પ્રકરણ-૯, ગુજરાતમાં રચાયેલ સંસ્કૃત શબ્દકોશો, પરમહંસ સંહિતા- શ્રીમદ ભાગવતપુરાણ નો સમાવેશ થાય છે.

કાળગણનામાં દક્ષિણ ગુજરાતમાં પ્રયોજાયેલો કલચુરી સંવત, બાર્હસ્પત્ય સંવત્સર, રાષ્ટ્રીય પંચાગની સરકારી યોજનાઓ, ગુજરાતમાં વિક્રમ સંવતનું પ્રચલન, ગુજરાતના અભિલેખોમાં પ્રયોજાયેલા સંવતો, અધિક માસ અને ક્ષય માસ, સંવતો વગેરે વિષયોનો સમાવેશ થાય છે. ભારતીય સિક્કા શાસ્ત્રમાં સોલંકી રાજાઓના સિક્કાઓ, ભો.જે. વિદ્યાભવન સંગ્રહમાના કેટલાક સિક્કાઓ વિષયક પણ લેખો લખેલા છે. શિલ્પશાસ્ત્ર વિષયકમાં ભો.જે. વિદ્યાભવનમાં સંગ્રહિત ગણેશ-પ્રતિમાઓ, ભો.જે.વિદ્યાભવન અમદાવાદના કેટલાક જૈન શિલ્પો વગેરે લેખો લખેલા છે. સ્થળતપાસને લગતા લેખોમાં 'વિસાવાડી, નગવાડા અને ઝીંઝુવાડાની પુરાવસ્તુકીય સ્થળતપાસનો અહેવાલ' નો સમાવેશ થાય છે. ગ્રંથસંપાદન પદ્ધતિમાં 'રામાયણ, મહાભારત અને પુરાણોને અનુલક્ષી સમીક્ષાત્મક ગ્રંથસંપાદન', ગુજરાતના પ્રસિદ્ધ હસ્તપ્રત સંગ્રહાલયો' વગેરે લેખો લખેલા છે.[12]

ડૉ. ભારતી શેલતની લેખન પ્રવૃતિનો ચિતાર જોતા જણાય છે કે સતત વાચન અને લેખનની પ્રવૃત્તિને લીધે તેઓએ મૌલિક ગ્રંથો, સંપાદિત ગ્રંથો, સંપાદિત અભિલેખો, સંપાદિત ખતપત્રો, સંશોધનાત્મક લેખો વગેરે વિષયો પર લેખો લખ્યા છે. તેમણે લેખન પ્રવૃતિને વેગ આપીને ઐતિહાસિક માહિતીને લોકો સુધી પહોચાડવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

## ૯. સમાપન

આમ, ડૉ.ભારતી શેલતએ તેમના મોટાભાગના લખાણ ક્ષેત્રકાર્ય આધારિત છે. તેમનો મૂળ પાયો સંસ્કૃત છે. સંસ્કૃતનો આધાર રાખીને એમણે પોતાની દિશા નક્કી કરી લીધી. એ દિશા એટલે અભિલેખવિદ્યા અને એમાં એમનું મુખ્ય પ્રદાન છે. અભિલેખવિદ્યામાં એમનું પ્રદાન ઘણું મોટું છે. આ કાર્ય માટે તેઓ સામે ચાલીને જાય અને તામ્રપત્ર, શિલાલેખ, સિક્કાઓની તપાસ કરવી, તેની નોંધ લેવી અને પછી તેનું અર્થઘટન કરી ઈતિહાસ લખવો એ એમની મુખ્ય શોધ પદ્ધતિ છે. સંચયન, સંશોધન, સંકલન, સંદર્શન અને સંલેખન આ પાંચેય મુદ્દા તેમના અન્વેષણના યોગદાનમાં એક અથવા બીજી રીતે સંકળાયેલા છે. તેઓ જે રજુ કર્યું છે તેમાં પ્રમાણભૂતતા વિશે ખુબ જ આગ્રહ રાખતા હતા. આ આગ્રહને પરિણામે તેઓ આધાર વગરની કોઈ હકીકત તેમના સંશોધન લેખમાં પ્રવેશ ન પામે તે માટે શક્ય તેટલી કાળજી રાખી છે. તેઓ 'આધાર નહિ તો ઈતિહાસ નહિ' એ ગુરુસૂત્રને અમલમાં લાવવા ઘણો પુરુષાર્થ કરેલો. સિક્કાશાસ્ત્ર, અભિલેખવિદ્યા, હસ્તપ્રતવિદ્યા, લિપિવિદ્યા, સંસ્કૃત સાહિત્ય વગેરેનો તેમનો અભ્યાસ આ આગ્રહને કેળવવામાં સહાયભૂત થયો છે.

## પાદટીપ

૧. પ્રવિણચંદ્ર પરીખ અને ભારતી શેલત, ગુજરાતના અભિલેખો: સ્વાધ્યાય અને સમીક્ષા, પ્રવિણચંદ્ર પરીખ, અમદાવાદ, ૧૯૬૧, પૃ.૧.
૨. જયકુમાર શુક્લ, ડૉ. ભારતી શેલત અને તેમનું ઈતિહાસ લેખન, કુમાર, સળંગ અંક-૯૯૦, જૂન,૨૦૧૦, પૃ.૩૭૩.
૩. ડૉ. ભારતી શેલત, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૮/૨૦૧૦.
૪. ડૉ. ભારતી શેલત, રૂબરૂ મુલાકાત, તા-૨૩/૯/૨૦૧૦.
૫. જયકુમાર શુક્લ, ઉપરોક્ત, પૃ.૩૭૩.
૬. ડૉ. ભારતી શેલત, રૂબરૂ મુલાકાત, તા-૨૩/૯/૨૦૧૦.
૭. જયકુમાર શુક્લ, ઉપરોક્ત, પૃ.૩૭૩.
૮. ડૉ. ભારતી શેલતે આપેલ લિખિત બાયોડેટાના આધારે.
૯. જયકુમાર શુક્લ, ઉપરોક્ત, પૃ.૩૭૩.
૧૦. એજન, પૃ.૩૭૩-૩૭૪.
૧૧. પ્રવિણચંદ્ર પરીખ અને ભારતી શેલત, ઉપરોક્ત, પૃ.૩.
૧૨. ડૉ. ભારતી શેલતે આપેલ લિખિત બાયોડેટાના આધારે.

## સંદર્ભસૂચી

૧. પરીખ, પ્રવિણચંદ્ર અને શેલત, ભારતી, ગુજરાતના અભિલેખો: સ્વાધ્યાય અને સમીક્ષા, પ્રવિણચંદ્ર પરીખ, અમદાવાદ,૧૯૯૨.
૨. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ(સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ઈતિહાસની પૂર્વભૂમિકા, ગ્રંથ-૧, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,૧૯૮૧.

૩. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ(સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, બ્રિટીશકાલ, ગ્રંથ-૮, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,૧૯૮૪.

૪. શેલત ભારતી, આદિમ જાતિઓની સંસ્કૃતિઓ: ભારતના સંદર્ભમાં, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૮૩.

૫. શેલત, ભારતી, લિપિ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૫.

૬. શેલત, ભારતી, ભારતનો આદ્ય-ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૮૫.

૭. શેલત ભારતી, ભારતીય સંસ્કારો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૩, પુન: મુદ્રણ-૨૦૦૦.

૮. શેલત, ભારતી, ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો ગિરનાર શૈલલેખ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ,૨૦૦૫.

૯. શેલત, ભારતી, ભારતીય સંસ્કારો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૮૩.

૧૦. શેલત, ભારતી, ક્રોનોલોજીકલ સિસ્ટમ ઓફ ગુજરાત, પ્રણવ પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૭.

૧૧. શેલત, ભારતી, ગુજરાતના શિલાલેખો અને સિક્કાઓ, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ, ૨૦૦૭.